# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. **ગુજરાતને પસંદગીના GCC હબ તરીકે પ્રસ્થાપિત કરવાની નેમ વ્યક્ત કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ.**
2. **રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓએ ૧૨ માર્ચ ૨૦૨૫ સુધીમાં ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવું પડશે.**
3. **નાગરિકોના આરોગ્ય સાથે ચેડા કરનાર લોકો સામે ખોરાક અને ઔષધ વિભાગની લાલઆંખ**
4. **છેલ્લા 3 વર્ષમાં અંદાજે 74 હજાર કરતાં વધુ કુટિર ઉદ્યોગ સાથે સંકળાયેલા કારીગરોને 634 કરોડ રૂપિયાની સબસીડી સહાય અપાઈ.**
5. **આજે પ્રયાગરાજમાં માઘી પૂર્ણિમાનું અમૃત સ્નાન – રાજ્ય મંત્રી મંડળના સભ્યો લગાવશે આસ્થાની ડુબકી.**
6. **અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે આજે મેચ રમાશે – મેટ્રો ટ્રેન સેવા રાત્રીના 12 વાગ્યા સુધી લંબાવાઈ.**

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM GANDHINAGAR GCC POLICY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં ગઈકાલે ગુજરાત વૈશ્વિક ક્ષમતા કેન્દ્ર નીતિ 2025-30નો શુભારંભ કરાવ્યો હતો. આ નીતિ અંતર્ગત રાજ્યમાં અંદાજે 250 નવા GCCની સ્થાપનાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

GCC નીતિનો લક્ષ્યાંક નવીનતાને પ્રોત્સાહન આપવા સાથે વૈશ્વિક સ્તરે ગુજરાતને GCCs માટેનું અગ્રણી સ્થાન બનાવવાનું છે. આ નીતિના પરિણામે રાજ્યમાં 10 હજાર કરોડ રૂપિયાથી વધુનું રોકાણ અને 50 હજારથી વધુ નવી રોજગારીની તકોની સંભાવના છે.

# The Clinical Establishment Act-2024

**રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓએ ૧૨ માર્ચ ૨૦૨૫ સુધીમાં ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવું પડશે.**

રાજ્યની તમામ હોસ્પિટલ સહિતની આરોગ્ય સેવાઓ આપતી સંસ્થાઓ અને ડાયગ્નોસ્ટિક લેબ માટે ધ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ-2024 અંતર્ગત રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

જરૂરી પ્રમાણપત્ર વિના કાર્યરત કોઈપણ આરોગ્ય સંસ્થાઓને ૧૦ હજારથી ૫ લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઇ છે.

આ કાયદા હેઠળ તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓ, ખાનગી તેમજ ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓએ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

**ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધીમાં રાજ્યની ૧૬ હજાર ૬૯૮ જેટલી આરોગ્ય સંસ્થાઓએ કાયમી અથવા કામચલાઉ રજીસ્ટ્રેશન કરાવ્યું, જે પૈકી ૧૪ હજાર ૬૪૭ સંસ્થાઓએ ઓનલાઈન નોંધણી કરાવી છે.**

# GUJARAT UNIVERSITY

**ગુજરાત યુનિવર્સિટીએ NAACનો A+ ગ્રેડ મેળવ્યો છે.**

ગુજરાત યુનિવર્સિટીને A+ ગ્રેડ મળતા 20 કરોડની જે ગ્રાન્ટ મળતી હતી. તેની જગ્યાએ 100 કરોડ સુધીની મળશે. આ ઉપરાંત અન્ય યોજનાઓનો લાભ મળશે. A+ ગ્રેડ મળવાને કારણે વિદ્યાર્થીઓને ફાયદો થશે. વિદ્યાર્થીની ડિગ્રીમાં A+ ગ્રેડનો ઉલ્લેખ થશે. જેથી એડમિશન અને જોબ ઓફરમાં ફાયદો થશે.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ નીરજા ગુપ્તાએ જણાવ્યું કે, NAACને લઈને ગુજરાત યુનિવર્સિટી દ્વારા તમામ તૈયારીઓ કરવામાં આવી હતી. NAACના જે નિયમો હતા તે પણ પૂરા કર્યા છે.

ગુજરાત યુનિવર્સિટીમાં પંદર દિવસ પહેલા NACCની ટીમે મુલાકાત કરી હતી. ટીમ 3 દિવસ યુનિવર્સિટીમાં નિરીક્ષણ કર્યું હતું.

# FOOD AND DRUGS

રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે એક વર્ષમાં 265 થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા છે.

દરોડા દરમિયાન 362 ટનથી વધુ અખાદ્ય વસ્તુઓ અને ભેળસેળયુક્ત વસ્તુઓ જપ્ત કરીને નાશ કરવામાં આવી છે. આ ચીજવસ્તુઓની કિંમત લગભગ 10 કરોડ રૂપિયા જેટલી થાય છે.

(બાઈટ – એચ.જી.કોશીયા)

# GUJARAT SAHITYA AKADMY

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2023 માટે કચ્છી ભાષાનાં ગૌરવ પુરસ્કાર અંગેની જાહેરાત કરવામાં આવી છે. જેમાં સાહિત્ય ગૌરવ પુરસ્કાર માટે વિશ્રામ ગઢવી અને યુવા ગૌરવ પુરસ્કાર માટે ડૉ. પૂર્વી ગોસ્વામીની પસંદગી કરવામાં આવી છે. આ નિર્ણય ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાની અધ્યક્ષતામાં મળેલ સમિતિમાં લેવાયો હતો.

# VAJPAYI B YOJNA

**રાજ્યમાં છેલ્લા 3 વર્ષમાં અંદાજે 74 હજાર કરતાં વધુ કુટિર ઉદ્યોગ સાથે સંકળાયેલા કારીગરોને 634 કરોડ રૂપિયાની સબસીડી સહાય અપાઈ છે.**

**કુટિર, ગ્રામોદ્યોગ, હાથ વણાટ અને હસ્તકલા ક્ષેત્ર સાથે સંકળાયેલા કારીગરોને આર્થિક રીતે વધુ સમક્ષ બનાવીને તેમને ગુણવત્તાયુક્ત જીવન જીવી શકે તે માટે સબસીડી સહાય અપાય છે.**

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગ્રામોદ્યોગ નિતી – 2024 અંતર્ગત આગામી વર્ષ 2025-26 માટે લોન રકમની મર્યાદા 8 લાખ રૂપિયાથી વધારીને 25 લાખ સુધીની કરવામાં આવી છે.**

# MAHAKUMBH

પ્રયાગરાજમાં આજે મહાકુંભનું માઘી પૂર્ણિમા સ્નાન ચાલી રહ્યું છે. આ સ્નાનનું વિશેષ મહત્વ છે કારણ કે તે કલ્પવાસના ખાસ વિધિના સમાપનનું પ્રતીક છે. આ વર્ષે 10 લાખથી વધુ કલ્પવાસીઓ તેમાં ભાગ લેશે. મહાકુંભમાં કલ્પવાસ ખાસ કરીને ફળદાયી માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે માઘ પૂર્ણિમા સુધી પ્રયાગરાજમાં સંગમના કિનારે કલ્પવાસ કરવાથી હજાર વર્ષની તપસ્યાનું ફળ મળે છે.

ઉત્તર પ્રદેશ સરકારે આ પ્રસંગે ખાસ ટ્રાફિક વ્યવસ્થા તેમજ મજબૂત સુરક્ષા વ્યવસ્થા કરી છે. અત્યાર સુધીમાં, 46 કરોડથી વધુ ભક્તોએ પવિત્ર સંગમમાં

સ્નાન કરીને શ્રદ્ધાનો અનુભવ કર્યો છે. આજે ગુજરાતનાં મંત્રીમંડળના સભ્યો અમૃત સ્નાનનો લાભ લેશે.

# TAPI TRAFFIC DRIVE

તાપી જિલ્લામાં સરકારી કચેરીઓમાં ટ્રાફિક પોલીસની વિશેષ ડ્રાઈવ શરૂ કરાઇ છે. તાપી જિલ્લામાં સરકારી સરકારી કચેરીઓમાં આવતા જતા કર્મચારીઓનું હેલમેટ , સીટ બેલ્ટ સહિતનું ચેકીંગ વ્યારા સેવા સદન બહાર ટ્રાફિક પોલીસ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

વ્યારા સેવા સદન બહાર ટ્રાફિક પોલીસની વિશેષ ડ્રાઈવ દરમ્યાન ટ્રાફિક ના નિયમોનું ઉલ્લંઘન કરનાર કર્મચારીઓ વિરુદ્ધ દંડાત્મક કાર્યવાહી પણ હાથ ધરાઈ હતી.

બાઈટ-સલીમ શેખ (પીઆઇ, ટ્રાફિક પોલીસ, તાપી)

# CRICKET

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે 3 મેચની ODI શ્રેણીમાં  ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે આજે મેચ રમાશે. આ મેચ બપોરે 01:30 વાગ્યે શરૂ થશે.યજમાન ટીમે પહેલાથી જ 2-0થી સરસાઈ સાથે શ્રેણી જીતી લીધી છે. આજની મેચમાં જીત માટે પ્રયાસ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે મેચના કારણે અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવા  રાત્રે 12 વાગ્યા સુધી લંબાવવામાં આવી છે.

# JAMNAGAR- BJP

જામનગર જિલ્લામાં કાલાવડ, જામજોધપુર, ધ્રોલમાં ભાજપ સામે ઉમેદવારી કરનારા લોકોને પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તમામ સાત વ્યક્તિને છ વર્ષ માટે ભાજપ પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

જામનગર જિલ્લા ભાજપ પ્રમુખ રમેશભાઈ મુંગરાએ આ અંગે વધુ માહિતી આપી હતી.

## (બાઈટ : રમેશ મુંગરા – અધ્યક્ષ,જામનગર જિલ્લા ભાજપ)

# CHHOTA UDEPUER ELECTION

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં છોટાઉદેપુર નગરપાલિકાના ૭ વોર્ડની ૨૮ બેઠકો પર ૯૯ ઉમેદવારોએ ઉમેદવારી નોધાવી. મતદાન દિનને ધ્યાનમાં રાખીની પૂરજોષમાં કામગીર કરવામાં આવી રહી છે. ત્યારે જિલ્લા ચૂંટણી અધિકારી ગાર્ગી જૈન સ્ટ્રોંગ રૂમની મુલાકાત લઈ EVM મશીન વિશેની માહિતી મેળવી હતી. તેમજ અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા.

# GOVERNOR - SABARKANTHA

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગઢોડા ગામે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ યોજાયો. **આ પ્રસંગે રાજ્યપાલે જણાવ્યું કે, પ્રત્યેક પરિવાર શુભ દિવસોની ઉજવણી એક વૃક્ષ વાવીને કરે તો સમાજને મોટું યોગદાન થશે.**

વધુમાં તેમણે કહ્યું કે, ભારતની સંસ્કૃતિ ગામડાની સંસ્કૃતિ છે. **સ્વચ્છતા દરેક ગામ અને શહેરના વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે. પ્રત્યેક વ્યક્તિએ કચરો નહીં કરવાનો સંકલ્પ કરવો જોઈએ.**